સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં.1 મેગેઝિન

# ICE® MAGIC

## WEEKLY CURRENT AFFAIRS

WEEK 16

APRIL 2024
14-04-24 To 20-04-24

:::::: સંપાદક ::::::
મૌલિક ગોંધિયા









UNFPA













સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને **ફ્રી મટીરિયલ્સ** તેમજ **રેગ્યુલર કરંટ અફેર્સ** મેળવવા માટે ક્લિક કરો.

ICE Rajkot | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

## 14 APR-2024


- દિવસ મહિમા : 14 એપ્રિલ, સમરસતા દિવસ (ડો. બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિ), રાષ્ટ્રીય અગ્નિશમન સેવા દિન, વિશ્વ ચાગાસ દિવસ ..... 02
- QS World University Rankings by Subject 2024 ..... 06
- QUESTION ANSWERS ..... 07


## 15 APR-2024


- દિવસ મહિમા : 15 એપ્રિલ, વિશ્વ સંસ્કૃતિ દિવસ અથવા વૈશ્વિક સંસ્કૃતિ દિવસ, વિશ્વ કલા દિવસ (World Art Day) ..... 09
- એશિયા ડેવલપમેન્ટ આઉટલુક રિપોર્ટ ..... 09
- Angara-A5 સ્પેસ રોકેટ : રશિયા ..... 10
- QUESTION ANSWERS ..... 12


## 16 APR-2024


- દિવસ મહિમા : 16 એપ્રિલ, વિશ્વ અવાજ દિવસ (World Voice Day) ..... 13
- આઈસલેન્ડના નવા વડાપ્રધાન : બર્જાની બેનેડિક્ટસન ..... 13
- Exercise DUSTLIK : ભારત-ઉઝબેકિસ્તાન ..... 13
- લક્ષદ્વીપમાં શાખા ખોલનાર પ્રથમ ખાનગી બેંક : HDFC બેંક ..... 14
- QUESTION ANSWERS ..... 14


## 17 APR-2024


- દિવસ મહિમા : 17 એપ્રિલ, વિશ્વ હિમોફિલિયા દિવસ ..... 15
- ત્રિશૂર પુરમ : કેરળ ..... 15
- હિમાચલ પ્રદેશ ક્રિકેટ એસોસિએશન (HPCA) સ્ટેડિયમ ..... 16
- QUESTION ANSWERS ..... 16


## 18 APR-2024


- દિવસ મહિમા : 18 એપ્રિલ, વિશ્વ વિરાસત દિવસ (World Heritage Day) ..... 17
- UNFPA સ્ટેટ ઓફ વર્લ્ડ પોપ્યુલેશન રિપોર્ટ ..... 17
- IMFએ નાણાકીય વર્ષ 2024-25 માટે ભારતના GDP વૃદ્ધિ અંદાજને 6.8% સુધી વધાર્યો ..... 18
- QUESTION ANSWERS ..... 20


## 19 APR-2024


- દિવસ મહિમા : 19 એપ્રિલ, વિશ્વ યકૃત દિવસ (World Liver Day) ..... 21
- ક્લસ્ટર ડેવલપમેન્ટ પ્રોગ્રામ - સુરક્ષા ..... 21
- સાલાસ વાય ગોમેઝ (Salas Y Gomez) ..... 23
- QUESTION ANSWERS ..... 24


## 20 APR-2024


- ભારત ફિલિપાઈન્સને બ્રહ્મોસ મિસાઈલો સોંપશે ..... 25
- Metaએ Llama 3 દ્વારા સંચાલિત એડવાન્સ્ડ AI આસિસ્ટન્ટ લોન્ચ કર્યું ..... 26
- માલ્કમ એડિશેશિયા એવોર્ડ 2023 (Malcolm adiseshia Award 2023) ..... 26
- QUESTION ANSWERS ..... 27

ONE LINER ..... 28

QUESTION OF THIS WEEK ..... 32


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 14 એપ્રિલ,

(1) સમરસતા દિવસ
(ડો. બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિ)

(2) રાષ્ટ્રીય અગ્નિશમન સેવા દિન

(3) વિશ્વ ચાગાસ દિવસ

## ડો. બાબાસાહેબ આંબેડકર જયંતી



14 એપ્રિલ, 2024ના રોજ સમગ્ર દેશમાં ભારતીય બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરની **133મી જન્મજયંતી**ની ઉજવણી કરવામાં આવી છે.

- વર્ષ **2015**થી દર વર્ષે ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતી 14 એપ્રિલ **'સમરસતા દિવસ'** અને 26 નવેમ્બર **'બંધારણ દિવસ'** તરીકે ઉજવાય છે.
- અગાઉ વર્ષ 2016માં ભારત સરકાર દ્વારા ડો. બાબા સાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.
- વર્ષ 2016માં ડો. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીની ઉજવણી સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પણ કરવામાં આવી હતી.
- જેમાં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ડો. બાબાસાહેબ આંબેડકરને 'વિશ્વના પ્રણેતા' કહીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જેમની જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી હોય એવા ડો. બાબાસાહેબ આંબેડકર પ્રથમ ભારતીય વ્યક્તિ છે.
- **ડો. બાબાસાહેબ આંબેડકર** સિવાય ફક્ત બે જ મહાપુરુષો એવા છે કે જેમની જન્મજયંતી સંયુક્ત રાષ્ટ્ર દ્વારા મનાવવામાં આવી હોય.... અને તે છે **શ્રી માર્ટિન લ્યૂથર કિંગ** અને **શ્રી નેલ્સન મંડેલા.**
- ડો. બાબાસાહેબ આંબેડકર, શ્રી માર્ટિન લ્યૂથર કિંગ અને શ્રી નેલ્સન મંડેલા વિશ્વમાં 'માનવઅધિકાર સંઘર્ષ'ના સૌથી મહાન નેતાઓ છે.
- ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતી **'ડો.આંબેડકર જયંતી'** અથવા તો **'શ્રી ભીમરાવ જયંતી'** તરીકે પણ ઉજવાય છે. વર્ષ 2015થી તેમની ઉજવણી **'સમરસતા દિવસ'** તરીકે કરવામાં આવે છે.



## ડૉ. બાબાસાહેબ આંબેડકર

| | | |
|---|---|---|
| જન્મ | : | 14 એપ્રિલ, 1891 |
| જન્મ સ્થળ | : | મહુ (મધ્યપ્રદેશ) |
| પૂરું નામ | : | ડૉ. ભીમરાવ રામજીભાઈ આંબેડકર |
| હુલામણું નામ | : | ડૉ. બાબાસાહેબ આંબેડકર |
| પિતાનું નામ | : | શ્રી રામજીભાઈ સકપાલ |
| માતાનું નામ | : | શ્રીમતી ભીમાબાઈ |
| મૂળ વતન | : | અંબાવાડે ગામ, જિલ્લો રત્નાગિરી (મહારાષ્ટ્ર) |
| પુરસ્કાર | : | ભારત રત્ન (એપ્રિલ, 1990) |

## અભ્યાસ

(1) મુંબઈની એલ્ફીન્સ્ટન હાઈસ્કૂલમાંથી 1907માં મેટ્રીકની પરીક્ષા પાસ કરી.

(2) વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડની સહાયથી મુંબઈની એલ્ફીન્સ્ટન કોલેજમાં અભ્યાસ કરી 1912માં અંગ્રેજી મુખ્ય વિષય સાથે બી.એ.ની પરીક્ષા પાસ કરી.

(3) મહારાજા સયાજીરાવ ગાયકવાડની સહાયથી અમેરિકાના ન્યુયોર્કની કોલંબિયા યુનિવર્સિટીમાં અભ્યાસ કરી 'પ્રાચીન ભારતીય વ્યાપાર' વિષય ઉપર મહાનિબંધ લખી 1915માં કોલંબિયા યુનિવર્સિટીની એમ. એ.ની ઉચ્ચ પદવી પ્રાપ્ત કરી.

(4) 1916માં 'બ્રિટીશ ભારતમાં મુલ્કી અર્થવ્યવસ્થાનો વિકાસ' વિષય ઉપર મહાનિબંધ લખી કોલંબિયા યુનિવર્સિટીમાંથી પીએચ.ડી.ની. ડિગ્રી મેળવીને શ્રી ભીમરાવ આંબેડકર ડૉ. ભીમરાવ આંબેડકર બન્યા.

(5) ઈંગ્લેન્ડમાં કાયદાનો તથા અર્થશાસ્ત્રનો અભ્યાસ કરી 1923માં બેરિસ્ટર થયા. અને ડૉ. આંબેડકરને તેમના મહાનિબંધ 'રૂપિયાનો પ્રશ્ન' વિષય પર લંડન યુનિવર્સિટીએ તેમને "ડોકટર ઓફ સાયન્સ"ની ઉચ્ચ ડિગ્રી એનાયત કરી.

(6) લંડનમાં અભ્યાસ પૂર્ણ કરી તેમણે જર્મનીની પ્રસિદ્ધ બોન યુનિવર્સિટીમાં અભ્યાસ શરૂ કર્યો. પરંતુ ત્યાં લાંબો સમય ન રહ્યા અને ભારત પરત ફર્યા.

(7) જૂન 1928માં મુંબઈની ગવર્નમેન્ટ લો કોલેજમાં કાયદાના પ્રોફેસર તરીકે જોડાયા અને વિદ્યાર્થીઓમાં ખૂબ જ પ્રિય બન્યા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## રાષ્ટ્રના વિકાસમાં ડો. બાબાસાહેબ આંબેડકરનું યોગદાન

ડો. બાબાસાહેબ આંબેડકરનું ભારતના વિકાસમાં અમૂલ્ય યોગદાન છે. એક અર્થશાસ્ત્રી, સમાજશાસ્ત્રી, શિક્ષણશાસ્ત્રી અને કાયદાના જાણકાર તરીકે ડો. બાબાસાહેબ આંબેડકરે આધુનિક ભારતના વિકાસનો પાયો નાંખ્યો હતો.

- તેમણે ભારતીય બંધારણનો ડ્રાફ્ટ (પ્રારૂપ) તૈયાર કર્યું અને તેઓ 'ભારતીય બંધારણના પિતા' તરીકે ઓળખાયા.
- આર્થિક અને શૈક્ષણિક દષ્ટિએ પછાત વર્ગોના વિકાસ માટે ઈ.સ. 1923માં 'બહિષ્કૃત હિતકારીણી સભા'ની સ્થાપના કરી હતી.
- ભારતમાંથી જાતિવાદને નાબૂદ કરવા માટે સામાજિક આંદોલનો ચલાવ્યા હતા.
- જળ સંશાધનો માટેની અસ્પૃશ્યતા દૂર કરવા માટે 1927માં મહારાષ્ટ્રના મહાડમાં પ્રદર્શનનું નેતૃત્વ કર્યું હતું.
- 1930માં મહારાષ્ટ્રના નાસિકમાં કાલારામ મંદિરમાં પ્રવેશ માટે આંદોલનનું નેતૃત્વ કર્યું હતું.
- સપ્ટેમ્બર 1931માં મળેલી બીજી ગોળમેજી પરિષદમાં ભારતના આર્થિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉદ્ધાર માટે અલગ મતાધિકાર અને અલગ અનામત બેઠકોની માંગણી કરી.
- ઓગસ્ટ 1936માં 'સ્વતંત્ર મજૂર પક્ષ'ની સ્થાપના કરી.
- 1940માં તેમનું 'પાકિસ્તાન ઉપર વિચારો' પુસ્તક પ્રકાશિત થયું હતું.
- આ ઉપરાંત 'શુદ્રો કોણ હતા ?' નામનું પુસ્તક લખ્યું અને પ્રકાશિત કરાવ્યું.
- 20 જુલાઈ, 1942ના રોજ તેમણે ભારતના વાઈસરોયની કેબિનેટમાં લેબર મેમ્બર તરીકેનો ચાર્જ સંભાળ્યો. અને સરકારના લેબર મેમ્બર તરીકે તેમણે 'પીપલ્સ એજ્યુકેશન સોસાયટી'ના નેજા હેઠળ મુંબઈમાં સિદ્ધાર્થ કોલેજની શરૂઆત કરી.
- ડૉ. બાબાસાહેબ આંબેડકરના પ્રયાસોને કારણે જ 29 એપ્રિલ, 1947ના રોજ બંધારણ સભાએ કાયદા દ્વારા સમગ્ર ભારતમાંથી અસ્પૃશ્યતાને નાબુદ થયેલી જાહેર કરી હતી.
- 3 ઓગસ્ટ, 1947ના રોજ ભારતની વચગાળાની સરકાર રચાઈ. તેમાં ડો. બાબાસાહેબ આંબેડકર ભારતના પ્રથમ કાયદા પ્રધાન બન્યા હતા.
- 29 ઓગસ્ટ, 1947ના રોજ ભારતીય બંધારણની રચના માટે 'ડ્રાફટીંગ સમિતિ'ના પ્રમુખ તરીકે તેમની નિમણૂક કરવામાં આવી હતી.
- તેમણે આઝાદ ભારતના નવા બંધારણનો ડ્રાફટ તૈયાર કર્યો અને 26 નવેમ્બર, 1949ના રોજ બંધારણ સભા દ્વારા આ બંધારણનો સ્વીકાર કરવામાં આવ્યો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ભારતીય રીઝર્વ બેંક (RBI)ની સ્થાપના તેમના વિચારોથી જ થઈ હતી.
- ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રેરણાથી જ ભારતના 'નાણા આયોગ' (Finance commission)ની સ્થાપના થઈ હતી.
- દામોદર ઘાટી યોજના, હીરાકુંડ યોજના અને સોન નદી યોજના જેવા 8 મોટા બંધોના નિર્માણમાં પણ ડો. બાબાસાહેબ આંબેડકરની મહત્ત્વની ભૂમિકા હતી.
- ભારતમાં Employment Exchangeની સ્થાપના પણ ડો. બાબાસાહેબ આંબેડકરના વિચારોથી જ થઈ હતી.
- ભારતમાં પાણી અને વીજળીની Grid Systemની સ્થાપનામાં પણ ડો. બાબાસાહેબ આંબેડકરનું મહત્ત્વનું યોગદાન છે.
- ભારતને ' સ્વતંત્ર ચૂંટણી પંચ'ની ભેટ પણ ડો. બાબાસાહેબ આંબેડકરે જ આપી છે.

**નોંધઃ** (1) 5 જૂન, 1952ના રોજ અમેરિકાના ન્યુયોર્કની કોલંબિયા યુનિવર્સિટીએ તેમને સર્વોચ્ચ એવી "ડોકટર એટ લો"ની પદવી આપી હતી.

(2) 12 જાન્યુઆરી, 1953ના રોજ ભારતની ઓસ્માનિયા યુનિવર્સિટીએ ડો. બાબાસાહેબ આંબેડકરને "ડોકટર ઓફ લીટરેચર"ની ઉચ્ચ પદવીથી સન્માનિત કર્યા હતા.

(3) અને અંતે 6 ડિસેમ્બર, 1956ની વહેલી સવારે દિલ્હી ખાતે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા.

(4) 13 એપ્રિલ, 2018ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે નવી દિલ્હી ખાતે ડો. આંબેડકર રાષ્ટ્રીય સ્મારકનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પંચતીર્થ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ડો. બાબાસાહેબ આંબેકડર સાથે સંકળાયેલા પાંચ સ્થળોને 'પંચતીર્થ' તરીકે જાહેર કરી તેનો વિકાસ કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

### ડો. બાબાસાહેબ આંબેડકર સાથે સંકળાયેલા પંચતીર્થ

| ક્રમ | સ્થળ | વિશેષતા |
|---|---|---|
| 1 | મહુ (મધ્યપ્રદેશ) | જન્મભૂમિ |
| 2 | નાગપુર (મહારાષ્ટ્ર) | દીક્ષા ભૂમિ |
| 3 | લંડન (ઈંગ્લેન્ડ) | ઈંગ્લેન્ડમાં નિવાસ સ્થાન(ડો. આંબેડકર સ્મારક નિવાસ) |
| 4 | અલિપુર રોડ (દિલ્હી) | મહાપરિનિર્વાણ ભૂમિ |
| 5 | મુંબઈ (મહારાષ્ટ્ર) | ચૈત્ય ભૂમિ |

## QS World University Rankings by Subject 2024

તાજેતરમાં 'વિષય આધારિત QS વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ 2024' (QS World University Rankings by Subject 2024) બહાર પાડવામાં આવ્યો હતો.

### મુખ્ય મુદ્દાઓ

2024 માટે યુનિવર્સિટીઓનું મૂલ્યાંકન 55 વિશિષ્ટ વિષયો અને પાંચ વિષય વિસ્તારોમાં કરવામાં આવ્યું હતું.

- અમેરિકાની 'Massachusetts Institute of Technology (MIT)' આ રેન્કિંગમાં પ્રથમ ક્રમે છે.
- MITને સતત 12માં વર્ષે વિશ્વની નંબર 1 યુનિવર્સિટી તરીકે સ્થાન આપવામાં આવ્યું છે.
- 424 એન્ટ્રિઓ સાથે કુલ 69 ભારતીય યુનિવર્સિટીઓએ વિષય પ્રમાણે QS વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગમાં સ્થાન મેળવ્યું છે.
- ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટેક્નોલોજી બોમ્બે (IITB) એ ટોચની ક્રમાંકિત ભારતીય સંસ્થા છે, જે 149માં ક્રમે છે.
- આ યાદીમાં IIM અમદાવાદને વિશ્વની ટોચની 25 યુનિવર્સિટીમાં સ્થાન મળ્યું છે.
- જવાહરલાલ નેહરૂ યુનિવર્સિટીએ વિકાસલક્ષી અભ્યાસ માટે વૈશ્વિક સ્તરે 20મું સ્થાન મેળવ્યું છે, જે તેને ભારતની સર્વોચ્ચ ક્રમાંકિત યુનિવર્સિટી બનાવે છે.
- ચેન્નાઈની સવિતા ઈન્સ્ટિટયૂટ ઓફ મેડિકલ એન્ડ ટેક્નિકલ સાયન્સે દંત ચિકિત્સાનો અભ્યાસ કરવા માટે વૈશ્વિક સ્તરે 24મું સ્થાન મેળવ્યું છે.
- 2017 થી 2022 સુધીમાં સંશોધન ક્ષેત્રમાં 54% વૃદ્ધિ સાથે ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિસ્તરતા સંશોધન કેન્દ્રોમાંના એક તરીકે ઉભરી આવ્યું છે.
- સમગ્ર એશિયામાં ભારત પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓની સંખ્યામાં બીજા ક્રમે છે અને કુલ ક્રમાંકિત પ્રવેશોની સંખ્યામાં ચોથા ક્રમે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. ભારતમાં ડો. બાબાસાહેબ આંબેડકર જયંતી તરીકે કયા દિવસની ઉજવણી થાય છે ?

(A) 12 એપ્રિલ (B) 13 એપ્રિલ (C) 14 એપ્રિલ (D) 15 એપ્રિલ (C)

2. 14 એપ્રિલ, 2024ના રોજ સમગ્ર ભારતમાં ડો. બાબાસાહેબ આંબેડકરની કેટલામી જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી છે ?

(A) 120મી (B) 126મી (C) 132મી (D) 133મી (D)

3. ભારતમાં ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતી કયા નામે ઉજવાય છે ?

(A) ડો. આંબેડકર જયંતી (B) શ્રી ભીમરાવ જયંતી

(C) સમરસતા દિવસ (D) ઉપરોક્ત ત્રણેય (D)

4. ભારતમાં કોની જન્મજયંતી 'સમરસતા દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) શ્રી જવાહરલાલ નહેરુ (B) મહાત્મા ગાંધીજી

(C) શ્રી સરદાર પટેલ (D) ડો. બાબાસાહેબ આંબેડકર (D)

5. ભારત સરકાર દ્વારા ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતીને 'સમરસતા દિવસ' તરીકે કયારથી ઉજવવામાં આવે છે ?

(A) 2012 (B) 2013 (C) 2014 (D) 2015 (D)

6. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જેમની જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી હોય એવી એકમાત્ર ભારતીય વ્યક્તિનું નામ શું છે ?

(A) મહાત્મા ગાંધીજી (B) સ્વામી વિવેકાનંદ

(C) શ્રી જવાહરલાલ નહેરુ (D) ડો. બાબાસાહેબ આંબેડકર (D)

7. ડો. બાબાસાહેબ આંબેડકરના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન સાચું નથી ?

(A) 14 એપ્રિલ, 1891ના રોજ મધ્યપ્રદેશના મહુ ખાતે તેમનો જન્મ થયો હતો.

(B) તેમનું પૂરું નામ ડો. ભીમરાવ રામજીભાઈ આંબેડકર છે.

(C) તેમનું મૂળ વતન મહારાષ્ટ્રના રત્નાગિરિ જિલ્લાનું અંબાવાડે ગામ હતું

(D) ઉપરોક્ત ત્રણેય સત્ય છે. (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

8. ભારતના નિર્માણમાં ડો. બાબાસાહેબ આંબેડકરના પ્રદાનના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન સાચું નથી ?

(A) 'સ્વતંત્ર ચૂંટણી પંચ' તેમની દેન છે.

(B) તેમના વિચારોથી જ RBIની સ્થાપના થઈ હતી.

(C) તેમના યોગદાનને કારણે જ 'Finance Commission'ની સ્થાપના થઈ હતી.

(D) ઉપરોક્ત ત્રણેય સત્ય છે. (D)

9. 13 એપ્રિલ, 2018ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે કઈ જગ્યાએ ડો. આંબેડકર રાષ્ટ્રીય સ્મારકનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું ?

(A) નાગપુર (B) નવી દિલ્હી (C) લંડન (D) મુંબઈ (B)

10. ડો. બાબાસાહેબ આંબેડકર સાથે સંકળાયેલા પંચતીર્થમાં નીચેનામાંથી કયા સ્થળનો સમાવેશ થતો નથી ?

(A) નાગપુર (મહારાષ્ટ્ર) (B) લંડન (ઈંગ્લેન્ડ)

(C) મુંબઈ (મહારાષ્ટ્ર) (D) પેરિસ (ફ્રાન્સ) (D)

11. ભારતમાં 'રાષ્ટ્રીય અગ્નિશમન સેવા દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 12 એપ્રિલ (B) 13 એપ્રિલ (C) 14 એપ્રિલ (D) 15 એપ્રિલ (C)

12. 'વિશ્વ ચાગાસ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 14 એપ્રિલ (B) 13 એપ્રિલ (C) 14 મે (D) 12 ફેબ્રુઆરી (A)

13. તાજેતરમાં 'વિષય આધારિત QS વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ 2024' (QS World University Rankings by Subject 2024) બહાર પાડવામાં આવ્યો હતો, જેમાં 'Massachusetts Institute of Technology (MIT)' પ્રથમ ક્રમે છે. તે કયા દેશમાં આવેલી છે ?

(A) અમેરિકા (B) ચીન (C) યુનાઈટેડ કિંગ્ડમ (D) જાપાન (A)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 15 એપ્રિલ, (1) વિશ્વ સંસ્કૃતિ દિવસ અથવા વૈશ્વિક સંસ્કૃતિ દિવસ (World Day of Culture અથવા Universal Day of Culture)
## (2) વિશ્વ કલા દિવસ (World Art Day)

## એશિયા ડેવલપમેન્ટ આઉટલુક રિપોર્ટ

એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB)એ તાજેતરમાં એપ્રિલ 2024 માટે એશિયા ડેવલપમેન્ટ આઉટલુક રિપોર્ટ બહાર પાડ્યો હતો.

- અને આ આશાવાદી દષ્ટિકોણમાં ફાળો આપતા વિવિધ પરિબળોને ટાંકીને નાણાકીય વર્ષ 2024 અને 2025 માટે ભારતના ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (GDP)નો અંદાજ મૂક્યો હતો.

### એશિયા ડેવલપમેન્ટ આઉટલુક રિપોર્ટ, 2024

#### એશિયાનો વિકાસ અંદાજ

અનિશ્ચિત બાહ્ય સંભાવનાઓ હોવા છતા, એશિયામાં વૃદ્ધિ આગામી વર્ષોમાં સ્થિતિસ્થાપક રહેવાનો અંદાજ છે.

- મોટાભાગની અર્થવ્યવસ્થાઓમાં વ્યાજદરમાં વધારાના ચક્રના નિષ્કર્ષ અને ખાસ કરીને સેમિકન્ડક્ટરની માંગમાં પુનઃપ્રાપ્તિને કારણે માલની નિકાસમાં સતત સુધારો જેવા પરિબળો આ ક્ષેત્ર માટે વ્યાપકપણે હકારત્મક દષ્ટિકોણમાં ફાળો આપે છે.

#### GDP વૃદ્ધિની આગાહી




વર્ષ 2024 માટે એશિયાની GDP વૃદ્ધિનું અનુમાન 4.9% છે, એવી જ આગાહી વર્ષ 2025 માટે કરવામાં આવી છે.

- આ સ્થિર વૃદ્ધિનો માર્ગ બાહ્ય પડકારોનો જવાબ આપવા અને આર્થિક ગતિ જાળવી રાખવાની પ્રદેશની ક્ષમતાને પ્રતિબિંબિત કરે છે.

#### ફુગાવાના વલણો

એશિયામાં ફુગાવો સાધારણ રહેવાની ધારણા છે, જે 2024માં ઘટીને 3.2% અને 2025માં 3.0% થવાની ધારણા છે.

- આ વલણ પ્રમાણમાં સ્થિર કિંમતનું વાતાવરણ સૂચવે છે, જે ગ્રાહકના વિશ્વાસ અને ખર્ચને સમર્થન આપી શકે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતની વૃદ્ધિનું અનુમાન

એશિયામાં દેશને એક મુખ્ય આર્થિક એન્જિન તરીકે સ્થાપિત કરવાના મુખ્ય પરિબળ તરીકે ભારતની રોકાણ આધારિત વૃદ્ધિને પ્રકાશિત કરવામાં આવી છે.

- ADBનો અંદાજ છે કે નાણાકીય વર્ષ 2024માં ભારતની GDP વૃદ્ધિ 7% અને નાણાકીય વર્ષ 2025માં 7.2 ટકા સુધી પહોંચશે, જે નાણાકીય વર્ષ 2024 માટે 6.7%ના અગાઉના અનુમાન કરતા વધુ છે.
- કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ પર ઊંચો મૂડી ખર્ચ વૃદ્ધિનો મુખ્ય પ્રેરક છે.
- સ્થિર વ્યાજ દરો અને ગ્રાહકના વિશ્વાસમાં વધારો થવાના કારણે ખાનગી કોર્પોરેટ રોકાણમાં વધારો થવાનો અંદાજ છે.
- નાણાકીય, રિયલ એસ્ટેટ અને વ્યાવસાયિક સેવાઓ સહિત સેવા ક્ષેત્રની કામગીરી આર્થિક વિસ્તરણમાં નોંધપાત્ર યોગદાન આપી રહી છે.
- સુધારેલ માલસામાનની નિકાસ, ઉત્પાદન ઉત્પાદકતામાં વધારો અને ઉચ્ચ કૃષિ ઉત્પાદનને કારણે નાણાકીય વર્ષ 2025માં વૃદ્ધિની અપેક્ષા છે.
- આ અનુમાન ભારતના અર્થતંત્ર માટે સકારાત્મક દષ્ટિકોણને પ્રતિબિંબિત કરે છે.
- સ્થાનિક માંગને પહોંચી વળવા વધતી આયાતને કારણે ચાલુ ખાતાની ખાદ્ય (CAD) નજીવી રીતે વધવાની ધારણા છે.


ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) એશિયન ડેવલપમેન્ટ બેંક એ એશિયા અને પેસિફિકમાં સામાજિક અને આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે 1966માં સ્થપાયેલી પ્રાદેશિક વિકાસ બેંક છે.

(2) ADB તેના સભ્યો અને ભાગીદારોને સામાજિક અને આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે લોન, તકનીક સહાય, અનુદાન અને ઈક્વિટી રોકાણ આપીને મદદ કરે છે.

(3) તેનું મુખ્યમથક ફિલિપાઈન્સના મનિલા ખાતે આવેલું છે.


## Angara-A5 સ્પેસ રોકેટ : રશિયા



રશિયાએ વોસ્ટોચની કોસ્મોડ્રોમથી તેના અંગારા–A5 સ્પેસ રોકેટનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ હતું.

- નોંધનીય છે કે 9 અને 10 એપ્રિલના અગાઉના પ્રયાસો ટેક્નિકલ સમસ્યાઓને કારણે રદ કરવામાં આવ્યા હતા.

- આ રોકેટ 25,000 કિલોમીટર પ્રતિ કલાકની ઊંચાઈએ પહોંચ્યું હતું.
- રશિયાનું આ ત્રીજું પરીક્ષણ છે.
- 1961માં યુરી ગાગરીનના ઐતિહાસિક અવકાશ ઉડાનની યાદમાં કોસ્ટોનોટ ડે સાથે આ પરીક્ષણ થયું હતું.



## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'વિશ્વ સંસ્કૃતિ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 14 એપ્રિલ (B) 15 એપ્રિલ (C) 16 એપ્રિલ (D) 17 એપ્રિલ (B)

2. 'વિશ્વ કલા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 14 એપ્રિલ (B) 15 એપ્રિલ (C) 16 એપ્રિલ (D) 17 એપ્રિલ (B)

3. એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB)એ તાજેતરમાં એપ્રિલ 2024 માટે 'એશિયા ડેવલપમેન્ટ આઉટલુક રિપોર્ટ' બહાર પાડવામાં આવ્યો હતો, તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ રિપોર્ટ અનુસાર વર્ષ 2024 માટે એશિયાની GDP વૃદ્ધિનું અનુમાન 4.9% છે, એવી જ આગાહી વર્ષ 2025 માટે કરવામાં આવી છે.
2. આ રિપોર્ટમાં જણાવ્યું છે કે નાણાકીય વર્ષ 2024માં ભારતની GDP વૃદ્ધિ 7% અને નાણાકીય વર્ષ 2025માં 7.2 ટકા સુધી પહોંચશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) વિધાન 1 સાચું છે પરંતુ વિધાન 2 ખોટું છે.

(B) વિધાન 1 ખોટું છે પરંતુ વિધાન 2 સાચું છે.

(C) વિધાન 1 અને વિધાન 2 બંને સાચા છે.

(D) વિધાન 1 અને વિધાન 2 બંને ખોટા છે. (C)

4. તાજેતરમાં કયા દેશે અંગારા-A5 સ્પેસ રોકેટનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું હતું ?

(A) રશિયા (B) ચીન (C) જાપાન (D) ભારત (A)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 16 એપ્રિલ, વિશ્વ અવાજ દિવસ (World Voice Day)

## આઈસલેન્ડના નવા વડાપ્રધાન : બર્જાની બેનેડિક્ટસન

તાજેતરમાં બર્જાની બેનેડિક્ટસનની આઈસલેન્ડના નવા વડાપ્રધાન તરીકે નિમણૂક કરવામાં આવી છે.

- તેઓએ આઈસલેન્ડના વડાપ્રધાન તરીકે કેટરીન જેકોબ્સડોટીરનું સ્થાન લીધુ છે.
- નોંધનીય છે કે કેટરીન જેકોબ્સડોટીરએ તાજેતરમાં વડાપ્રધાન પદેથી રાજીનામુ આપ્યું હતું.
- આઈસલેન્ડ ઉત્તર એટલાન્ટિક અને આર્કટિક મહાસાગરો વચ્ચેનો એક નોર્ડિક ટાપુ દેશ છે.
- આઈસલેન્ડની રાજધાની અને સૌથી મોટું શહેર રેકજાવિક છે.

## Exercise DUSTLIK : ભારત-ઉઝબેકિસ્તાન

ભારત અને ઉઝબેકિસ્તાન વચ્ચેની 'DUSTLIK' નામની સંયુક્ત સૈન્ય કવાયત ઉઝબેકિસ્તાનના ટર્મેઝમાં શરૂ થઈ છે.

- આ કવાયત 15 એપ્રિલથી 28 એપ્રિલ સુધી ચાલશે.
- DUSTLIK કવાયત એ ભારત અને ઉઝબેકિસ્તાનમાં વૈકલ્પિક રીતે યોજાતી વાર્ષિક ઈવેન્ટ છે.
- આ કવાયતનો હેતુ સૈન્ય સહયોગને પ્રોત્સાહન આપવા, સંયુક્ત ક્ષમતાઓને વધારવા, પર્વતીય અને અર્ધ–શહેરી ભૂપ્રદેશમાં સંયુક્ત કામગીરી પર ધ્યાન કેન્દ્રિત કરવા, આંતર કાર્યક્ષમતા વિકસાવવા અને દ્વિપક્ષીય સંબંધોને વધારવાનો છે.
- આ આવૃત્તિમાં બે મહિલા અધિકારીઓ સહિત લડાયક સહાયક શસ્ત્રો અને સેવાઓના કર્મચારીઓનો સમાવેશ થાય છે.
- ભારત અને ઉઝબેકિસ્તાન વચ્ચે પ્રથમ વખતની કવાયત 'ડસ્ટલિક 2019'માં થઈ હતી, જેમાં આતંકવાદ વિરોધી પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## લક્ષદ્વીપમાં શાખા ખોલનાર પ્રથમ ખાનગી બેંક : HDFC બેંક

HDFC બેંકે ભારતના લક્ષદ્વીપમાં ખાસ કરીને કાવારત્તી ટાપુ ખાતે શાખા સ્થાપનારી પ્રથમ ખાનગી બેંક તરીકે ઈતિહાસ રચ્યો છે.




- અગાઉ આ પ્રદેશમાં માત્ર સરકારી બેંકો જ કાર્યરત હતી.
- આ પગલાનો હેતુ બેંકિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધારવા અને વ્યક્તિગત તથા ડિજિટલ બેંકિંગ પર ધ્યાન કેન્દ્રિત કરીને વ્યક્તિગત અને ડિજિટલ સેવાઓ પ્રદાન કરવાનો છે.
- નોંધનીય રીતે HDFC રિટેલરો માટે અનન્ય QR-આધારિત વ્યવહારો રજૂ કરવાની યોજના ધરાવે છે, જે સંભવિત રીતે ટાપુ પ્રદેશમાં બેંકિંગમાં ક્રાંતિ લાવશે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'વિશ્વ અવાજ દિવસ' ક્યારે ઉજવવામાં આવે છે ?

(A) 16 એપ્રિલ (B) 17 એપ્રિલ (C) 18 એપ્રિલ (D) 19 એપ્રિલ — (A)

2. તાજેતરમાં બર્જાની બેનેડિક્ટસન કયા દેશના નવા વડાપ્રધાન બન્યા છે ?

(A) આયર્લેન્ડ (B) આઈસલેન્ડ (C) પોલેન્ડ (D) મલેશિયા — (B)

3. તાજેતરમાં ભારત અને કયા દેશ વચ્ચે 'DUSTLIK' નામની સંયુક્ત લશ્કરી કવાયત યોજાઈ હતી ?


(A) ભારત – કઝાકિસ્તાન (B) ભારત – રશિયા
(C) ભારત – તઝાકિસ્તાન (D) ભારત – ઉઝબેકિસ્તાન — (D)

4. તાજેતરમાં કઈ બેંક લક્ષદ્વીપમાં શાખા ખોલનાર પ્રથમ ખાનગી બેંક બની છે ?

(A) Axis Bank (B) SBI Bank
(C) HDFC Bank (D) ICICI Bank — (C)

## દિવસ મહિમા : 17 એપ્રિલ, વિશ્વ હિમોફિલિયા દિવસ

World Federation of Hemophilia દ્વારા દર વર્ષે 17 એપ્રિલના રોજ 'વિશ્વ હિમોફિલિયા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.




- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ હિમોફિલિયા અને અન્ય વારસાગત રક્તસ્ત્રાવ વિકૃતિઓ વિશે લોકોમાં જાગૃતિ લાવવાનો છે.
- હિમોફિલિયા એ રક્તસ્ત્રાવને લગતી એક આનુવંશિક બિમારી છે.
- જેમાં લોહી ગંઠાઈ ન જવાની ક્ષમતા ગંભીર રીતે ઘટી જાય છે, જેથી નાની ઈજા પણ ગંભીર રક્તસ્ત્રાવનું કારણ બની શકે છે.
- શ્રી ફ્રેન્ક શ્નાબેલ (Frank Schnabel) એ 'વર્લ્ડ ફેડરેશન ઓફ હિમોફિલિયા'ની સ્થાપના કરી હતી.
- આથી, શ્રી ફ્રેન્ક શ્નાબેલ (Frank Schnabel)ના જન્મ દિવસ 17 એપ્રિલ નિમિત્તે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ 2024ના વિશ્વ હિમોફિલિયા દિવસની થીમ 'Equitable access for all : recognizing all bleeding disorders' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ત્રિશૂર પુરમ : કેરળ

તાજેતરના એક ચૂકાદામાં કેરળ હાઈકોર્ટે ત્રિશૂર પુરમ તહેવાર દરમિયાન હાથીઓ અને કલાકારોની સુરક્ષા તથા કલ્યાણની ખાતરી કરવા માટે નિર્દેશો જારી કર્યા છે.



- ત્રિશૂર પુરમ એ કેરળના સાંસ્કૃતિક અને આધ્યાત્મિક સારનો ભવ્ય ઉત્સવ છે.
- મલયાલમ મહિનાના મેડમ (એપ્રિલ–મે)માં ઉજવવામાં આવતો આ તહેવાર થેક્કિંકડુ મેદાન ખાતે યોજવામાં આવે છે અને તેને તમામ પૂરામ (વાર્ષિક તહેવારો)ની માતા માનવામાં આવે છે.
- તેની શરૂઆત કોચીનના મહારાજા (1790-1805) સકથન પૂરમના નામથી પ્રસિદ્ધ રાજા રામ વર્માએ 10 અલગ અલગ મંદિરોની ભાગીદારીની સાથે કરી હતી.
- નોંધનીય છે કે ત્રિશૂર પુરમ પહેલા અરાટ્ટુપુઝા પૂરમ કેરળનો સૌથી મોટો તહેવાર હતો.

## હિમાચલ પ્રદેશ ક્રિકેટ એસોસિએશન (HPCA) સ્ટેડિયમ

હિમાચલ પ્રદેશ ક્રિકેટ એસોસિએશન (HPCA) સ્ટેડિયમ નેધરલેન્ડ સ્થિત SISGrass દ્વારા ગ્રાઉન્ડબ્રેકિંગ 'હાઈબ્રિડ પિચ' સાથે પ્રથમ BCCI દ્વારા માન્યતા પ્રાપ્ત સ્થળ બન્યું છે.



- આ નવીનતા કુદરતી ટર્ફને 5% પોલિમર ફાઈબર સાથે જોડે છે.
- જેને T-20 અને 50 ઓવરોની મેચ માટે ICC દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે.
- આ પિચ સ્થિતિ સ્થાપકતા, ટકાઉપણુ અને સતત બાઉન્સ જેવી સુવિધા ધરાવે છે, જે પીચ જાળવણીના બોજને હળવું કરે છે.

## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'વિશ્વ હિમોફિલિયા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 15 એપ્રિલ (B) 16 એપ્રિલ (C) 17 એપ્રિલ (D) 18 એપ્રિલ **(C)**

2. તાજેતરમાં સમાચારમાં રહેલ 'ત્રિશુર પુરમ' એ કયા રાજ્યનો સાંસ્કૃતિક અને આધ્યાત્મિક સારનો ભવ્ય ઉત્સવ છે ?
(A) તેલંગાણા (B) કેરળ (C) ઓડિશા (D) ત્રિપુરા **(B)**

3. તાજેતરમાં કયું ભારતીય સ્ટેડિયમ નવી 'હાઈબ્રિડ પિચ' સાથે BCCI દ્વારા માન્યતા પ્રાપ્ત પ્રથમ સ્થળ બન્યું છે ?
(A) વાનખેડે સ્ટેડિયમ, મુંબઈ
(B) હિમાચલ પ્રદેશ ક્રિકેટ એસોસિએશન (HPCA) સ્ટેડિયમ
(C) એકના ક્રિકેટ સ્ટેડિયમ, લખનૌ
(D) બારામતી ક્રિકેટ સ્ટેડિયમ **(B)**

INSTITUTE FOR COMPETITIVE

## દિવસ મહિમા : 18 એપ્રિલ, વિશ્વ વિરાસત દિવસ (World Heritage Day)



સમગ્ર વિશ્વમાં દર વર્ષે 18 એપ્રિલના રોજ 'વર્લ્ડ હેરિટેજ ડે'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ માનવ સંસ્કૃતિ સાથે જોડાયેલા ઐતિહાસિક અને સાંસ્કૃતિક સ્થળોના સંરક્ષણ અંગે જાગૃતિ લાવવાનો છે.
- ઈ.સ. 1982માં International Council on Monuments and Sites (ICOMOS) નામની સંસ્થા દ્વારા 18 એપ્રિલના રોજ આ દિવસ ઉજવવાની દરખાસ્ત કરવામાં આવી હતી.
- આ અંતર્ગત 1983માં મળેલી UNESCOની 22મી સામાન્ય સભામાં આ દિવસની ઉજવણીને મંજૂરી આપવામાં આવી હતી.
- વર્ષ 2024ની 'World Heritage Day'ની થીમ 'Discover and Experience Diversity' છે.

નોંધ : (1) World Heritage Dayને 'International Day for Monuments and sites' તરીકે પણ ઓળખવામાં આવે છે.

(2) UNESCOનું પૂરું નામ United Nations Educational, Scientific and Cultural Organization છે.

(3) UNESCOનું વડું મથક ફ્રાન્સના પેરિસ ખાતે આવેલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## UNFPA સ્ટેટ ઓફ વર્લ્ડ પોપ્યુલેશન રિપોર્ટ

યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ (UNFPA) સ્ટેટ ઓફ ધ વર્લ્ડ પોપ્યુલેશન, 2024ના અહેવાલમાં જણાવાયું છે કે ભારતની વસતી 77 વર્ષમાં બમણી થવાનો અંદાજ છે.

- 1.44 અબજની અંદાજિત વસતી સાથે ભારત વિશ્વનો સૌથી વધુ વસતી ધરાવતો દેશ છે.
- ત્યારબાદ 1.425 અબજની વસતી સાથે ચીન આવે છે.
- નોંધનીય છે કે 2011ની વસતી ગણતરી દરમિયાન ભારતની વસતી 1.21 અબજ નોંધાઈ હતી.
- રિપોર્ટમાં જાણવા મળ્યું છે કે 24% લોકો 0-14 વય જૂથમાં હતા, 17% લોકો 10-19 વય જૂથમાં હતા અને 26% લોકો 10-24 વય જૂથમાં હતા.

- જ્યારે 68% લોકો 15-64 વર્ષની વય જૂથના છે અને 7% લોકો 65 વર્ષ કે તેથી વધુ વય જૂથના છે.
- ભારતમાં પુરૂષો માટે આયુષ્ય 71 વર્ષ અને સ્ત્રીઓ માટે 74 વર્ષ છે.
- રિપોર્ટમાં એ વાત પણ પ્રકાશિત કરવામાં આવી છે કે જાતીય અને પ્રજનન સ્વાસ્થ્યમાં ભારતની 30 વર્ષની પ્રગતિમાં વૈશ્વિક સ્તરે સૌથી હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોની અવગણના કરવામાં આવી છે.
- તેમાં જણાવવામાં આવ્યું છે કે વર્ષ 2006-2023 વચ્ચે ભારતમાં બાળ લગ્નની ટકાવારી 23% હતી.
- ભારતમાં માતા મૃત્યુમાં નોંધપાત્ર ઘટાડો થયો છે, જે વૈશ્વિક માતૃ મૃત્યુના 8% હિસ્સો ધરાવે છે.

### UNFPA

UNFPAનું પૂરું નામ 'યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ' છે.

- તે યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીનું એક સહાયક અંગ છે અને તેની જાતીય અને પ્રજનન સ્વાસ્થ્ય એજન્સી તરીકે સેવા આપે છે.
- UNFPAનો આદેશ યુનાઈટેડ નેશન્સ ઈકોનોમિક એન્ડ સોશિયલ કાઉન્સિલ (ECOSOC) દ્વારા સ્થાપિત કરવામાં આવ્યો છે.
- તેની સ્થાપના વર્ષ 1967માં ટ્રસ્ટ ફંડ તરીકે કરવામાં આવી હતી, ત્યારબાદ તેની કામગીરી વર્ષ 1969માં શરૂ થઈ હતી.
- તેને સત્તાવાર રીતે 1987માં યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ નામ આપવામાં આવ્યું હતું, પરંતુ ટૂંકાક્ષર તરીકે UNFPA નામ જાળવી રાખ્યું હતું.

## IMFએ નાણાકીય વર્ષ 2024-25 માટે ભારતના GDP વૃદ્ધિ અંદાજને 6.8% સુધી વધાર્યો

IMFએ નાણાકીય વર્ષ 2024-25 માટે ભારતના GDP વૃદ્ધિ અંદાજને 6.8 સુધી વધાર્યો છે.

- જે તેના અગાઉના અનુમાન કરતા 30 બેસિસ પોઈન્ટ વધારે છે.
- મજબૂત સ્થાનિક માંગ અને વધતી જતી કામકાજની વસતીને કારણે ભારતનો વિકાસ મજબૂત રહેવાની ધારણા છે.
- વૈશ્વિક સ્તરે નાણાકીય વર્ષ 2024-25 અને નાણાકીય વર્ષ 2025-26 માટે વૃદ્ધિ 3.2% પર ચાલુ રહેવાનો અંદાજ છે.
- ભારતે વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા તરીકેનો દરજ્જો જાળવી રાખ્યો છે, તે જ સમયગાળામાં ચીનના 4.6% વૃદ્ધિના અંદાજને પાછળ છોડી દીધો છે.




INSTITUTE FOR COMPETITIVE EXAMS

## IMF

- IMFનું પૂરું નામ 'ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ' છે.
- તેનું વડું મથક અમેરિકાના વોશિંગ્ટન ડિસી ખાતે આવેલું છે.
- સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય ચૂકવણી પધ્ધતિઓમાં આવતી મૂશ્કેલીઓ દૂર કરવામાં તથા આંતરરષ્ટ્રીય નાણાકીય કટોકટીના સંતુલનમાં તેની મુખ્ય ભૂમિકા છે. તેમના કાર્યો આ મુજબ છે :

(1) સમગ્ર વિશ્વમાં નાણાંકીય સ્થિરતા સુરક્ષિત રાખવી

(2) આંતરરાષ્ટ્રીય વ્યાપાર સરળ બનાવવો

(3) ઉચ્ચ રોજગાર અને ટકાઉ આર્થિક વૃધ્ધિને પ્રોત્સાહન આપવું

(4) સમગ્ર વિશ્વમાં ગરીબી ઘટાડવી –વગેરેનો સમાવેશ થાય છે.



# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'વિશ્વ વિરાસત દિવસ' (World Heritage Day) તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 16 એપ્રિલ (B) 17 એપ્રિલ (C) 18 એપ્રિલ (D) 19 એપ્રિલ **(C)**

2. વર્ષ 2024ના 'વર્લ્ડ હેરિટેજ ડે'ની થીમ શું છે ?

(A) Heritage and Distric

(B) Heritage and Climat

(C) Heritage Nature

(D) Discover and Experience Diversity **(D)**

3. તાજેતરમાં UNFPA સ્ટેટ ઓફ ધ વર્લ્ડ પોપ્યુલેશન, 2024ના અહેવાલમાં જણાવાયું છે કે _____ દેશની વસતી 77 વર્ષમાં બમણી થવાનો અંદાજ છે.

(A) ભારત (B) ચીન (C) જાપાન (D) અમેરિકા **(A)**

4. IMF મુજબ નાણાકીય વર્ષ 2024-25 માટે ભારતનો GDP વૃદ્ધિનો અંદાજ શું છે ?

(A) 5.1% (B) 6.8% (C) 7.1% (D) 4.5% **(B)**

5. IMF સંદર્ભે નીચેના વિધાન પર વિચાર કરી સાચો વિકલ્પ પસંદ કરો ?

1. તેનું પૂરું નામ ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ છે.
2. તેનું વડું મથક અમેરિકાના વોશિંગ્ટન ડિસી ખાતે આવેલું છે.


યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા **(C)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 19 એપ્રિલ, વિશ્વ યકૃત દિવસ (World Liver Day)




દર વર્ષે 19 એપ્રિલના રોજ 'વિશ્વ યકૃત દિવસ'નું આયોજન કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ માનવ શરીરમાં યકૃત અને તેના મહત્ત્વ વિશે જાગૃતિ લાવવાનો છે.
- યકૃત માનવ શરીરને સ્વસ્થ રાખવા માટે ડિટોક્સિફિકેશન અને પાચન સહિત વિવિધ જટિલ કાર્યો કરે છે.
- નોંધનીય છે કે યકૃત માનવ શરીરનું બીજુ સૌથી મોટું અંગ છે અને પાચનતંત્રમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.
- યકૃત મુખ્યત્વે માનવ શરીરમાં ચેપી રોગનો સામનો કરવા, બ્લડ શુગરને નિયંત્રિત કરવા, શરીરમાંથી ઝેર દૂર કરવા, કોલેસ્ટ્રોલના સ્તરને નિયંત્રિત કરવા અને લોહીના ગંઠાઈ જવા માટે મદદ કરે છે.

## ક્લસ્ટર ડેવલપમેન્ટ પ્રોગ્રામ - સુરક્ષા

તાજેતરમાં કેન્દ્ર સરકારે ક્લસ્ટર ડેવલપમેન્ટ પ્રોગ્રામ (CDP) હેઠળ બાગાયત ક્ષેત્રમાં ખેડૂતોને સબસિડી આપવા માટે CDP-સુરક્ષા નામનું નવું પ્લેટફોર્મ શરૂ કર્યું છે.

- તેનાથી ભારતના બાગાયત ક્ષેત્રને વેગ મળશે, જે કૃષિ ગ્રોસ વેલ્યુ એડેડ (GVA)માં લગભગ એક તૃતીયાંશ યોગદાન આપે છે.

### ક્લસ્ટર ડેવલપમેન્ટ પ્રોગ્રામ-સુરક્ષા શું છે ?

અહીં સુરક્ષાનો અર્થ 'સુરક્ષિત બાગાયત માટે સંકલિત સંસાધન ફાળવણી, જ્ઞાન અને સમર્થન માટેની સિસ્ટમ' છે.

- આ પ્લેટફોર્મ નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI)ના E-RUPI વાઉચરનો ઉપયોગ કરીને ખેડૂતોના બેંક ખાતામાં સબસિડીનું તાત્કાલિક વિતરણ કરવાની મંજૂરી આપશે.
- તેમાં PM-કિસાન સાથે ડેટાબેઝ એકીકરણ, NIC દ્વારા ક્લાઉડ–આધારિત સર્વર સ્પેસ, UIDAI વેરિફિકેશન, eRUPI એકીકરણ, લોકલ ગવર્મેન્ટ ડિરેક્ટરી (LGD), કન્ટેન્ટ મેનેજમેન્ટ સિસ્ટમ, જિયોટેગિંગ અને જીઓ–ફેન્સિંગ જેવી સુવિધાઓનો સમાવેશ થાય છે.

### અમલીકરણ

આ પ્લેટફોર્મ ખેડૂતો, વિક્રેતાઓ, અમલીકરણ એજન્સીઓ (IA), ક્લસ્ટર ડેવલપમેન્ટ એજન્સીઓ (CDA) અને નેશનલ હોર્ટિકલ્ચર બોર્ડ (NHB)ના અધિકારીઓ સુધી પહોંચવાની મંજૂરી આપે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તેમાં, ખેડૂત તેના મોબાઈલ નંબરનો ઉપયોગ કરીને લોગિન કરી શકે છે, ઓર્ડર આપી શકે છે અને વાવેતર સામગ્રીના ખર્ચમાં પોતાના હિસ્સાનો ફાળો આપી શકે છે.
- પેમેન્ટ કર્યા પછી ઈ–રૂપી વાઉચર જનરેટ થશે.
- આ વાઉચર વિક્રેતા દ્વારા પ્રાપ્ત થશે, જે ખેડૂતને જરૂરી વાવેતર સામગ્રી પ્રદાન કરશે.
- સામગ્રીની ડિલિવરી પછી, ખેડૂતોએ તેમના ખેતરોના જીઓ–ટેગિંગ ફોટોગ્રાફસ અને વીડિયો દ્વારા ડિલિવરીની ચકાસણી કરવાની રહેશે.
- ચકાસણી પછી અમલીકરણ એજન્સીઓ (IA) વિક્રેતાને ઈ–રૂપી વાઉચર માટે નાણા મુક્ત કરશે. વિક્રેતાએ પોર્ટલ પર પેમેન્ટ ચલણ અપલોડ કરવાનું રહેશે.
- અમલીકરણ એજન્સીઓ (IA) તમામ દસ્તાવેજો એકત્રિત કરશે અને સબસિડી જારી કરવા માટે તેને CDA સાથે શેર કરશે, આ પ્રક્રિયા પછી જ સબસિડી અમલીકરણ એજન્સીઓને આપવામાં આવશે.

**નોંધ :** ઈ–રૂપી વન–ટાઈમ પેમેન્ટ મિકેનિઝમ છે જે UPI ઈ–પ્રીપેડ વાઉચરને સ્વીકારતા વેપારીઓના કાર્ડ, ડિજિટલ પેમેન્ટ એપ અથવા ઈન્ટરનેટ બેન્કિંગ એક્સેસ વિના વાઉચર રિડીમ કરવા વપરાશકર્તાઓને સક્ષમ બનાવે છે.

## ક્લસ્ટર ડેવલપમેન્ટ પ્રોગ્રામ (CDP) શું છે ?

તે એક કેન્દ્રિય પ્રાયોજિત કાર્યક્રમ છે જેનો હેતુ ઓળખાયેલ બાગાયત ક્લસ્ટરોને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવા માટે વિકસાવવાનો છે.

- બાગાયત ક્લસ્ટર એ લક્ષ્ય બાગાયત પાકોની પ્રાદેશિક ભૌગોલિક સાંદ્રતા છે.
- તેનો અમલ કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયના નેશનલ હોર્ટિકલ્ચર બોર્ડ (NHB) દ્વારા કરવામાં આવશે.
- આ પાયલોટ પ્રોજેક્ટ કાર્યક્રમ માટે પસંદ કરાયેલા કુલ 55 બાગાયત ક્લસ્ટરોમાંથી 12 બાગાયત ક્લસ્ટરમાં અમલમાં મૂકવામાં આવશે.
- આ ક્લસ્ટરોનો અમલ ક્લસ્ટર ડેવલપમેન્ટ એજન્સીઓ દ્વારા કરવામાં આવશે, જેમની નિમણૂક સંબંધિત રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશની ભલામણોને આધારે કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- તેનો ઉદ્દેશ્ય ભારતીય બાગાયત ક્ષેત્રને લગતા તમામ મુખ્ય મુદ્દાઓ (ઉત્પાદન, લણણી વ્યવસ્થાપન, લોજિસ્ટિક્સ, માર્કેટિંગ અને બ્રાન્ડિંગ સહિત)ને ઉકેલવાનો છે.
- તથા ભૌગોલિક વિશેષતાનો લાભ લઈને બાગાયત ક્લસ્ટરોના સંકલિત અને બજાર આધારિત વિકાસને પ્રોત્સાહન આપવાનો છે.

## સાલાસ વાય ગોમેઝ (Salas Y Gomez)

વૈજ્ઞાનિકોને તાજેતરમાં સાલાસ વાય ગોમેઝ રીજમાં 160 દરિયાઈ પ્રજાતિઓ મળી આવી છે.



- સાલાસ વાય ગોમેઝ દક્ષિણ–પૂર્વીય પ્રશાંત મહાસાગરમાં સમુદ્રી પર્વતમાળા છે.
- અટાકામાં ટ્રેન્ચ અને હમ્બોલ્ટ વર્તમાન પ્રણાલી દ્વારા અલગ પડેલો આ પ્રદેશ ઉચ્ચ દરિયાઈ સ્થાનિકત્વ ધરાવે છે.
- મોટાભાગનું પાણી રાષ્ટ્રીય અધિકારક્ષેત્રની બહાર છે, જેના કારણે 73% વિસ્તાર અસુરક્ષિત છે.
- ઓછામાં ઓછી 50 નવી પ્રજાતિઓ સહિતની શોધ રાપા નુઈ (ઈસ્ટર આઈલેન્ડ)ના અભિયાન દરમિયાન કરવામાં આવી હતી, જે ઉચ્ચ સમુદ્રના દરિયાઈ સંરક્ષણ માટે વિચારણાને વેગ આપે છે.



## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. સમગ્ર વિશ્વમાં દર વર્ષે 'વિશ્વ યકૃત દિવસ' (World Liver Day)ની ઉજવણી કયા દિવસે કરવામાં આવે છે ?

(A) 19 એપ્રિલ (B) 20 એપ્રિલ (C) 21 એપ્રિલ (D) 22 એપ્રિલ **(A)**

2. તાજેતરમાં કેન્દ્ર સરકારે 'ક્લસ્ટર ડેવલપમેન્ટ પ્રોગ્રામ–સુરક્ષા' નામનું નવું પ્લેટફોર્મ' શરૂ કર્યુ છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) તે બાગાયત ક્ષેત્રમાં ખેડૂતોને સબસિડી આપવા માટે શરૂ કરવામાં આવ્યું છે.

(B) આ પ્લેટફોર્મ ખેડૂતોને તેના કૃષિ ઉત્પાદનની લણણી પહેલા 30 ટકા સબસિડી આપવામાં મદદરૂપ થશે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

3. તાજેતરમાં સમાચારમાં જોવા મળેલ 'સાલાસ વાય ગોમેઝ' શું છે ?

(A) પૃથ્વી અવલોકન ઉપગ્રહ

(B) બ્રાઝિલિયન એટલાન્ટિક રેઈન ફોરેસ્ટ

(C) ગ્રેટ લેક્સ રિજનમાં જોવા મળેલી આક્રમક પ્રજાતિઓ

(D) દક્ષિણપૂર્વીય પ્રશાંત મહાસાગરમાં સમુદ્રી પર્વતમાળા **(D)**

## ભારત ફિલિપાઈન્સને બ્રહ્મોસ મિસાઈલો સોંપશે



ભારત ટૂંક સમયમાં બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલોની પ્રથમ બેચ ફિલિપાઈન્સને સોંપશે.

- આ ડિલિવરી 2022માં બંને દેશો વચ્ચે થયેલા 375 મિલિયન અમેરિકન ડોલરના સોદાનો એક ભાગ છે, જે ભારતની પ્રથમ મોટી સંરક્ષણ નિકાસને ચિન્હિત કરે છે.
- ફિલિપાઈન્સને બ્રહ્મોસ મિસાઈલોની સપ્લાય એવા સમયે કરવામાં આવી રહી છે જ્યારે દક્ષિણ ચીન સાગરમાં વિવાદને લઈને મનીલા અને બેઈજિંગ વચ્ચે તણાવ વધી ગયો છે.
- ફિલિપાઈન્સ તેની સંરક્ષણ ક્ષમતાઓને મજબૂત કરવા અને આ ક્ષેત્રોમાં સંભવિત જોખમોને રોકવા માટે તેના દરિયાકાંઠાના વિસ્તારોમાં બ્રહ્મોસ સિસ્ટમની ત્રણ બેટરીઓ તૈનાત કરે તેવી અપેક્ષા છે.
- આ સોદો ભારતના સંરક્ષણ નિકાસ માટે એક મુખ્ય સીમાચિન્હરૂપ છે અને અદ્યતન શસ્ત્ર પ્રણાલીના સપ્લાયર તરીકે દેશની વધતી પ્રતિષ્ઠાને પ્રતિબિંબિત કરે છે.
- નોંધનીય છે કે અગાઉ વર્ષ 2023માં બ્રહ્મોસ મિસાઈલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### એડવાન્સ વેરિએન્ટ વિશે

બ્રહ્મોસ મિસાઈલને શરૂઆતમાં 290 કિ.મી.ની રેન્જ સાથે વિકસાવવામાં આવી હતી.

- મિસાઈલ ટેકનોલોજી કન્ટ્રોલ રેજીમ (MTCR)ના આદેશ મુજબ મિસાઈલની રેન્જ મૂળ 290 કિ.મી. હતી.
- જોકે જૂન 2016માં MTCRમાં ભારતના પ્રવેશ પછી તેની રેન્જ લગભગ 450 કિ.મી.ની હતી અને ભવિષ્યમાં તેને 600 કિ.મી. સુધી વધારવાની યોજના છે.

### બ્રહ્મોસ મિસાઈલ

બ્રહ્મોસ મિસાઈલ એ એક સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ છે.

- તેને જળ, જમીન અને હવામાંથી એટલે કે સબમરીન, જહાજ, એરક્રાફ્ટ પરથી લોન્ચ કરી શકાય છે.
- તે કોઈપણ હવામાનમાં દિવસ અને રાત કામ કરી શકે છે.
- તે 'ફાયર એન્ડ ફોર્ગેટ્સ'ના સિદ્ધાંત પર કામ કરે છે. એટલે કે તેને લોન્ચ કર્યા પછી માર્ગદર્શનની જરૂર નથી.
- તે બે તબક્કાવાળી (પ્રથમ તબક્કામાં સોલિડ પ્રોપેલન્ટ એન્જિન અને બીજા તબક્કામાં લિક્વિડ રેમજેટ) મિસાઈલ છે.
- બ્રહ્મોસ મિસાઈલ વિશ્વની સૌથી ઝડપી સુપરસોનિક ક્રૂઝ મિસાઈલોમાંથી એક છે.



- બ્રહ્મોસ મિસાઈલ એ રશિયાના NPO Mashinostroeyenia અને ભારતના DRDO વચ્ચેનું સંયુક્ત સાહસ છે.
- ભારતની બ્રહ્માપુત્રા અને રશિયાની મોસ્કવા નદીના નામ પરથી આ મિસાઈલનું નામ બ્રહ્મોસ રાખવામાં આવ્યું છે.
- બ્રહ્મોસ મિસાઈલ હાલમાં મેક 2.8ની ઝડપે કામ કરે છે, જે અવાજની ગતિ કરતા લગભગ 3 ગણી વધારે છે.

## Metaએ Llama 3 દ્વારા સંચાલિત એડવાન્સ્ડ AI આસિસ્ટન્ટ લોન્ચ કર્યું




Facebook, Instagram અને WhatsAppની પેરેન્ટ કંપની Meta Platformsએ તેના નવા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) સહાયક iMeta AI લોન્ચ કર્યાની જાહેરાત કરી છે.

- કંપનીના નવીનતમ AI મોડલ Llama 3 દ્વારા સંચાલિત Meta AIને Metaના લોકપ્રિય સોશિયલ મીડિયા અને મેસેજિંગ પ્લેટફોર્મમાં એકીકૃત કરવામાં આવ્યું છે.
- જેનો હેતુ વપરાશકર્તાઓને અત્યંત બુદ્ધિશાળી અને ઉપયોગમાં સરળ AI અનુભવ પ્રદાન કરવાનો છે.
- Meta AI પાસે ઘણી અદ્યતન સુવિધાઓ છે જે વપરાશકર્તાની ક્રિયાપ્રતિક્રિયાને સુધારવા અને માહિતીની સીમલેસ એક્સેસ પ્રદાન કરવા માટે રચાયેલ છે.

## માલ્કમ એડિશેશિયા એવોર્ડ 2023 (Malcolm adiseshia Award 2023)

જાણીતા અર્થશાસ્ત્રી ઉત્સા પટનાયકને વર્ષ 2023નો 'માલ્કમ એડિશેશિયા એવોર્ડ 2023' એનાયત થયો છે.

- માલ્કમ એડિશેશિયા એવોર્ડ ભારતના સૌથી પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય પુરસ્કારોમાંનો એક છે, જે વિકાસ અભ્યાસના ક્ષેત્રમાં સામાજિક વૈજ્ઞાનિકોના ઉત્કૃષ્ટ યોગદાનને ઓળખે છે અને તેનું સન્માન કરે છે.
- તેની સ્થાપના વર્ષ 2000માં માલ્કમ અને એલિઝાબેથ એડિશેશિયા ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી હતી.



- આ પુરસ્કાર વાર્ષિક ધોરણે વિશિષ્ટ રીતે રચાયેલી રાષ્ટ્રીય જ્યુરી દ્વારા પ્રાપ્ત નામાંકનોમાંથી પસંદ કરાયેલ ઉત્કૃષ્ટ સામાજિક વૈજ્ઞાનિકોને આપવામાં આવે છે.
- આ પુરસ્કારમાં પ્રશસ્તિપત્ર અને 2 લાખ રૂપિયાની ઈનામી રકમનો સમાવેશ થાય છે.
- માલ્કમ એડિશેશિયા એક ભારતીય વિકાસ અર્થશાસ્ત્રી અને શિક્ષણશાસ્ત્રી હતા, જેમને તેમના પ્રભાવશાળી કાર્ય માટે 1976માં પદ્મ ભૂષણથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. તાજેતરમાં કરેલી એક જાહેરાત અનુસાર ભારત નીચેના પૈકી કયા દેશને ટૂંક સમયમાં બ્રહ્મોસ મિસાઈલની ડિલિવરી કરશે ?

(A) ચીન (B) ફિલિપાઈન્સ (C) બાંગ્લાદેશ (D) અમેરિકા (B)

2. બ્રહ્મોસ મિસાઈલ વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. બ્રહ્મોસ મિસાઈલ એ એક સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ છે. તેને જળ, જમીન અને હવામાંથી એટલે કે સબમરીન, જહાજ અને એરક્રાફ્ટથી લોન્ચ કરી શકાય છે.

2. બ્રહ્મોસ મિસાઈલ એ NPO Mashinostroeyenia અને ભારતના DRDOનું વચ્ચેનું સંયુક્ત સાહસ છે.

3. ભારતની બ્રહ્મપુત્રા અને રશિયાની મોસ્કવા નદીના નામ પરથી આ મિસાઈલનું નામ બ્રહ્મોસ રાખવામાં આવ્યું છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 (D)

3. તાજેતરમાં કોણે Llama 3 દ્વારા સંચાલિત એડવાન્સ્ડ AI આસિસ્ટન્ટ લોન્ચ કર્યુ છે ?

(A) Meta (B) SpaceX (C) DRDO (D) JAXA (A)

4. તાજેતરમાં માલ્કમ એડિશેશિયા એવોર્ડ 2023 માટે કોની પસંદગી કરવામાં આવી છે ?

(A) વિકાસ કુમાર (B) ઉત્સા પટનાયક (C) સુષ્મા સિંહા (D) પ્રભાત પટનાયક (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# NEWS IN SHORTS

## ગુજરાત

➤ **IREDAએ ગ્રીન એનર્જી પ્રોજેક્ટ્સને ટેકો આપવા માટે ગિફ્ટ સિટીમાં ઓફિસ સ્થાપી**



ઈન્ડિયન રિન્યુએબલ એનર્જી ડેવલપમેન્ટ એજન્સી (IREDA)એ ગ્રીન હાઈડ્રોજન અને રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ માટે વિદેશી ચલણમાં દેવું ધિરાણ પૂરું પાડવા માટે ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક–સિટી (ગિફ્ટ સિટી), ગાંધીનગરમાં ઓફિસની સ્થાપના કરી છે. IREDAની GIFT સિટી ઓફિસ વિદેશી ચલણમાં લોન વિકલ્પો પ્રદાન કરવામાં નિષ્ણાત હશે, જેનાથી કુદરતી હેજિંગ સક્ષમ બનશે અને ગ્રીન હાઈડ્રોજન અને રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ્સ માટે ધિરાણ ખર્ચમાં ઘટાડો થશે. ભારતના મહત્ત્વાકાંક્ષી નેશનલ ગ્રીન હાઈડ્રોજન મિશનના સંદર્ભમાં આ પગલું ખાસ કરીને નોંધપાત્ર છે, જેનો ધ્યેય 2030 સુધીમાં વાર્ષિક 5 મિલિયન મેટ્રિક ટન (MTPA)થી વધુ હાઈડ્રોજનનું ઉત્પાદન કરવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

➤ **કેરળમાં ચામાચીડિયાને લગતી દંતકથાઓ**

તાજેતરમાં કેરળના સંશોધકોએ બેટ વર્ગીકરણ, ધ્વનીશાસ્ત્ર અને જૈવ ભૂગોળ પર તાલીમ કાર્યક્રમોનું આયોજન કર્યુ છે. દંતકથાઓ, અંધશ્રદ્ધા અને કોવિડ-19 તથા નિપાહ વાયરસના ચેપ જેવા ઝૂનોટિક રોગોએ ચામાચીડિયા વિશે નકારાત્મક ધારણાઓ ઉભી કરી છે. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય ઉભરતા ઝૂનોટિક રોગો અને ચામાચીડિયાની વસતીનો સામનો કરી રહેલા જોખમોને સંબોધવાનો છે, જેમાં વસવાટની ખોટ અને ફળના ચામાચીડિયાના લુપ્ત થવાનો સમાવેશ થાય છે. કેરળના સંશોધકો નેશનલ બેટ મોનિટરિંગ પ્રોગ્રામને પણ સમર્થન આપી રહ્યા છે જે 1996થી ચાલી રહ્યો છે. ભારત ચામાચીડિયાની 135 પ્રજાતિઓનું ઘર છે ચામાચીડિયા રાત્રિચર (nocturnal) પ્રાણીઓ છે.

➤ **ઝેરી જેલીફિશ**



તાજેતરમાં વિશાખાપટ્ટનમના દરિયાકાંઠે ઝેરી જેલીફિશ જોવા મળી હતી. પેલાગિયા નોકટીલુકા, જેને માઉવ સ્ટિંગર અથવા જાંબલી–પટ્ટાવાળી જેલીફિશ તરીકે પણ ઓળખવામાં આવે છે, તેનો ડંખ પીડાદાયક છે અને જીવલેણ હોઈ શકે છે, જેના કારણે ઝાડા, ભારે દુખાવો, ઊલટી અને એનાફિલેટિક આંચકો થાય છે. તે જાંબલી અર્ધપારદર્શક પ્રજાતિ છે જે તરતા બલૂન જેવું લાગે છે. તે સમગ્ર વિશ્વમાં ઉષ્ણકટિબંધીય અને ગરમ મહાસાગરોમાં જોવા મળે છે.

➤ **IIT કાનપુર અને AFMS દૂરના વિસ્તારોમાં સૈનિકોના સ્વાસ્થ્ય પર નજર રાખવા માટે સંયુક્ત રીતે ટેક્નોલોજી વિકસાવશે**



આર્મ્ડ ફોર્સિસ મેડિકલ સર્વિસિસ (AFMS) અને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (IIT) કાનપૂરે દૂરના વિસ્તારોમાં સૈનિકો દ્વારા સામનો કરવામાં આવતી સ્વાસ્થ્ય સમસ્યાઓના ઉકેલ માટે સંશોધન અને ટેક્નોલોજીના વિકાસ પર સહયોગ કરવા માટે એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે. AFMSના મહાનિર્દેશક લેફ્ટનન્ટ જનરલ દલજીતસિંહ અને IIT કાનપુરના કાર્યવાહક નિર્દેશક પ્રોફેસર એસ.ગણેશે MoU પર હસ્તાક્ષર કર્યા હતા. આ ભાગીદારી હેઠળ AFMS અને IIT કાનપુર કઠોર પરિસ્થિતિઓમાં કાર્યરત સૈનિકો દ્વારા સામનો કરવામાં આવતા સ્વાસ્થ્ય પડકારોને પહોંચી વળવાના ઉદ્દેશ્ય સાથે સંયુક્ત રીતે સંશોધન અને નવીન તકનીકોનો વિકાસ કરશે. IIT કાનપુર આર્મ્ડ ફોર્સિસ કોમ્પ્યુટેશનલ મેડિસિન સેન્ટરમાં AI ડાયગ્નોસ્ટિક મોડલ્સ વિકસાવવા માટે ટેક્નિકલ કુશળતા પ્રદાન કરશે, જે પુણેમાં આર્મ્ડ ફોર્સિસ મેડિકલ કોલેજમાં સ્થાપિત કરવામાં આવ્યું છે. ભારતમાં મેડિકલ કોલેજોમાં આ પ્રકારનું પ્રથમ કેન્દ્ર છે.

➤ **ઓપરેશન મેઘદૂત**

તાજેતરમાં ઓપરેશન મેઘદૂતે તેની 40મી વર્ષગાંઠ પૂર્ણ કરી છે, જે ઉત્તરી લદ્દાખ ક્ષેત્ર પર તેમનું વર્ચસ્વ સુરક્ષિત કરવા માટે સિયાચીન ગ્લેશિયરમાં ભારતીય સેના અને ભારતીય વાયુસેના (IAF)ની સિદ્ધિઓને પ્રકાશિત કરે છે. આ ઓપરેશનમાં ભારતીય આર્મી ટુકડીઓ અને ભારતીય વાયુસેના દ્વારા એરલિફ્ટિંગ પુરવઠો અને સિયાચીન ગ્લેશિયર પર છોડવાનો સમાવેશ થતો હતો. જુલાઈ 1949માં કરાચી સમજૂતીથી સિયાચીન ગ્લેશિયર વિવાદનો વિષય છે. પાછળથી 1980 દરમિયાન પાકિસ્તાને સિયાચીન ગ્લેશિયર પરના તેના દાવાને કાયદેસર બનાવવાના પ્રયાસો શરૂ કર્યા હતા, જેના પરિણામે ભારત દ્વારા ઓપરેશન મેઘદૂત શરૂ કરવામાં આવ્યું હતું. ઓપરેશન મેઘદૂત 13 એપ્રિલ, 1984ના રોજ શરૂ કરવામાં આવ્યું હતું.

➤ **રોકેટ એન્જિન માટે કાર્બન-કાર્બન (CC) નોઝલ : ISRO**

ISROએ વિક્રમભાઈ સારાભાઈ સ્પેસ સેન્ટર (VSSC) દ્વારા વિકસિત હળવા વજનના કાર્બન–કાર્બન (CC) નોઝલનું અનાવરણ કરીને રોકેટ એન્જિન ટેક્નોલોજીમાં નોંધપાત્ર પ્રગતિની જાહેરાત કરી હતી. આ પ્રગતિ થ્રસ્ટ લેવલ, ચોક્કસ આવેગ અને થ્રસ્ટ–ટુ–વેટ રેશિયો જેવા નિર્ણાયક પરિમાણોને વધારીને પેલોડ ક્ષમતાને વધારવાનું વચન આપે છે. કાર્બન–કાર્બન કમ્પોઝીટ જેવી અદ્યતન સામગ્રીનો ઉપયોગ કરીને VSSCએ અસાધારણ ગુણધર્મો સાથે નોઝલ ડાયવર્જન્ટની રચના કરી હતી, જેનાથી પ્રક્ષેપણ વાહનની કામગીરીમાં સુધારો કરવાનો માર્ગ મોકળો થયો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વિશ્વ

➤ **Gaia BH3 : આકાશગંગામાં શોધાયેલ સૌથી વિશાળ તારાકીય બ્લેક હોલ**

ખગોળશાસ્ત્રીઓએ આપણી આકાશગંગામાં અત્યાર સુધીની સૌથી વિશાળ તારાકીય–દળના બ્લેક હોલની શોધ કરી છે. Gaia BH3 નામનું આ બ્લેકહોલ એક્વિલા નક્ષત્રમાં પૃથ્વીથી લગભગ 2000 પ્રકાશવર્ષના અંતરે સ્થિત છે, જે તેને આપણા ગ્રહની બીજી સૌથી નજીકનું બ્લેક હોલ બનાવે છે. યુરોપીયન સ્પેસ એજન્સીના ગૈયા મિશનના ડેટાનું પૃથ્થકરણ કરીને આ શોધ કરવામાં આવી હતી, જેમાં બ્લેક હોલની નજીક એક તારો 'ડૂબતો' જોવા મળ્યો હતો, જે તેની હાજરી સૂચવે છે.

➤ **ટિયાંટોંગ પ્રોજેક્ટ**

હાલમાં ચીનના એન્જિનિયરો અને વૈજ્ઞાનિકોએ દુનિયાનો પ્રથમ સેટેલાઈટ બનાવ્યો છે જેની મદદથી મોબાઈલ ટાવર વગર સ્માર્ટફોનથી કોલ કરી શકાશે. તે એવા વિસ્તારોમાં કટોકટીની પરિસ્થિતિઓમાં ઉપયોગ કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે જ્યાં મોબાઈલ કનેક્ટિવિટી ખોરવાઈ ગઈ છે, જેની મદદથી લોકો ઓવરહેડ કમ્યુનિકેશન ઓર્બિટર સાથે સીધા કનેક્ટ કરીને મદદ મેળવી શકે છે. ટિઆન્ટોંગ સેટેલાઈટ પહેલ એ ટેલિકોમ્યુનિકેશનમાં પ્રગતિ અને કનેક્ટિવિટીની વધતી જતી માંગને ધ્યાનમાં રાખીને એક વ્યૂહાત્મક પહેલ છે, ખાસ કરીને દૂરસ્થ અને આપત્તિ–સંભવિત વિસ્તારોમાં.



1. તાજેતરમાં સમાચારમાં રહેલ MSC ARIES શિપ કયા દેશ સાથે સંકળાયેલું છે ? – ઈઝરાયેલ

2. તાજેતરમાં નવી 5 વર્ષની મુદત માટે IMFના મેનેજિંગ ડિરેક્ટર તરીકે કોની પુનઃનિમણૂક કરવામાં આવી છે ? – ક્રિસ્ટાલિના જ્યોર્જિવા

3. પ્લાસ્ટિક ઓવરશુટ ડે રિપોર્ટ અનુસાર કયો દેશ વૈશ્વિક સ્તરે માથાદીઠ પ્લાસ્ટિક કચરાનું ઉત્પાદન ઘર છે ? – ભારત

4. તાજેતરમાં સમાચારમાં રહેલ 'બેબીકોલંબો મિશન'નો પ્રાથમિક ઉદ્દેશ્ય શું છે ? – બુધના ચુંબકીય ક્ષેત્ર, રચના અને ભૂસ્તરશાસ્ત્રનો અભ્યાસ કરવાનો

5. Queqiao-2 રિલે ઉપગ્રહ તાજેતરમાં કયા દેશ દ્વારા લોન્ચ કરવામાં આવ્યો હતો ? – ચીન

6. તાજેતરમાં સમાચારમાં જોવામાં આવેલ 'VA-ResNet-So' શું છે ? – AI સાધન જે જીવલેણ હૃદયની લયની આગાહી કરી શકે છે.

7. તાજેતરમાં સમાચારમાં જોવા મળેલું વાયનાડ અભયારણ્ય કયા રાજ્યમાં આવેલું છે ? – કેરળ

8. તાજેતરમાં અમેરિકન રાષ્ટ્રપતિના સુવર્ણ સ્વયંસેવક સેવા પુરસ્કારથી સન્માનિત થનાર પ્રથમ ભારતીય સાધુ કોણ બન્યું છે ? – આચાર્ય લોકેશમુનિ

9. બ્લુ ઓરિજિનના NS-25 મિશન સાથે અવકાશ પર્યટનની શરૂઆત કરનાર પ્રથમ ભારતીય પાયલોટ કોણ બનશે ? – ગોપી થોટાકુરા

10. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (UGC)ના સભ્ય તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – સચ્ચિદાનંદ મોહંતી

11. અશ્નિર ગ્રોવરના નવીનતમ ફિનટેક સાહસનું નામ શું છે ? – Zerope

12. ઈસરોએ કયા મિશન સાથે 'શૂન્ય ઓર્બિટલ ડેબ્રીસ' સીમાચિન્હ હાંસલ કર્યુ છે ? – PSLV-C58

13. ઝોમ્બી ડ્રગ કટોકટીનો સામનો કરવા માટે કયા દેશે રાષ્ટ્રીય કટોકટી જાહેર કરી છે ? – સિએરા લિયોન

14. ભારતના કયા રાજ્યમાં અદાણી ગ્રીન એનર્જી વિશ્વનો સૌથી મોટો રિન્યુએબલ એનર્જી પાર્ક બનાવી રહી છે ? – ગુજરાત

15. કયા દેશે ઝિગ નામની નવી ગોલ્ડ–બેક્ડ કરન્સી શરૂ કરી છે ? – ઝિમ્બાબ્વે

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

16. કઈ કંપનીને ભારત માટે 2024 Google ક્લાઉડ સેલ્સ પાર્ટનર ઓફ ધ યરનો એવોર્ડ આપવામાં આવ્યો હતો ? – Brio Technologies

17. તાજેતરમાં સમાચારમાં જોવા મળેલું ડ્રેગનફ્લાય રોટરક્રાફ્ટ મિશન કઈ અવકાશ સંસ્થા સાથે સંકળાયેલું છે ? – NASA

18. CBIના જોઈન્ટ ડાયરેક્ટર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – અનુરાગ કુમાર

19. તાજેતરમાં કોણે બારમી વખત રાષ્ટ્રીય મહિલા કેરમ ખિતાબ જીત્યો છે ? – રશ્મિ કુમારી

20. તાજેતરમાં વૃક્ષા રોપણ માટે 500થી વધુ જમીનના પાર્સલ સાથે ગ્રીન ક્રેડિટ પ્રોગ્રામના અમલીકરણમાં કયું રાજ્ય અગ્રેસર છે ? – મધ્યપ્રદેશ

21. તાજેતરમાં સમાચારોમાં રહેલું પોમ્પેઈ શહેર કયા દેશમાં આવેલું છે ? – ઈટાલી

22. તાજેતરમાં કયો દેશ મેનિન્જાઈટિસ માટેની રસી બહાર પાડનાર પ્રથમ દેશ બન્યો છે ? – નાઈજીરીયા

23. તાજેતરમાં ISROએ કયા વર્ષ સુધીમાં કાટમાળ મુક્ત જગ્યા હાંસલ કરવાનું નક્કી કર્યુ છે ? – 2030

24. તાજેતરમાં સમાચારમાં રહેલ 'Gaia-BH3' શું છે ? – મેસિવ સ્ટેલર બ્લેક હોલ

25. તાજેતરમાં DRDOએ 'ઈમર્જિંગ ટેક્નોલોજીસ એન્ડ ચેલેન્જીસ ફોર એક્સોસ્કેલેટન' પર પ્રથમ આંતરરાષ્ટ્રીય વર્કશોપનું આયોજન કયા સ્થળે કર્યુ હતું ? – બેંગ્લુરૂ

26. તિરંગા બરફી, જેને તાજેતરમાં GI ટેગ મળ્યો છે તે ઉત્તરપ્રદેશના કયા શહેરની છે ? – વારાણસી

27. તાજેતરમાં કયા રાજ્યમાં એકોસ્ટિક કેરેક્ટારાઈઝેશન એન્ડ ઈવેલ્યુએશન (Space) માટે અત્યાધુનિક સબમર્સિબલ પ્લેટફોર્મનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું ? – કેરળ

28. તાજેતરમાં સમાચારમાં રહેલ લીફ લીટર દેડકા મુખ્યત્વે કયા જંગલમાં જોવા મળે છે ? – બ્રાઝિલિયન એટલાન્ટિક રેઈનફોરેસ્ટ

29. તાજેતરમાં લક્ષ્મણ તીર્થ નદી ચર્ચામાં હતી, તે કઈ નદીની ઉપનદી છે ? – કાવેરી

30. તાજેતરમાં સમાચારમાં રહેલ GPS સ્પુફિંગ શું છે ? – ખોટા સિગ્નલો સાથે GPS રીસીવરોની હેરફેર કરવી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા
SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT